C.C.No.472/2025

GJLV020006502025

| | |
|---|---|
| રજુ તારીખ | : ૧૮/૦૩/૨૦૨૫ |
| દાખલ તારીખ | : ૧૮/૦૩/૨૦૨૫ |
| ફેસલ તારીખ | : ૦૧/૦૭/૨૦૨૬ |
| સમય ગાળો | : ૦૧ ૦૩ ૧૦<br>વર્ષ માસ દિવસ |

---

**લુણાવાડાના મે.એડી.જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા.**

---

ફોજદારી કેસ નં. ૪૭૨/૨૦૨૫
આંક :- ૨૩

ફરિયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– વિપુલભાઈ કાનજીભાઈ પટેલ,

રહે. મોટા સોનેલા, તા.લુણાવાડા, જી.મહીસાગર.

**ગુન્હો :– ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ તેમજ ગુજરાત નશાબંધિ અધિનિયમ, ૧૯૪૯ ની કલમ– ૬૬(૧)બી મુજબ**

---

| | | |
|---|---|---|
| ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી | :– | એસ.એસ.પંડયા |
| બચાવપક્ષે વિ.વ.શ્રી | :– | એચ.એમ.ઠાકોર |

---

## –: જજમેન્ટ :–

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ : ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે મોજે. મોટા સોનેલા બસ સ્ટેશન જાહેર રોડ ઉપર પોતાના કબજાની હોન્ડા કંપનીની સાઈન મો.સા. જેનો રજી.નં.

જીજે–૩૫–એમ–૬૦૬૧ તેમજ ચેસીસ નં. ME4JC859APD276862 ની મો.સા. મોજે. સોનેલા બસ સ્ટેશન જાહેર રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પદાર્થ પીધેલ હાલતમાં ચલાવી લાવી પકડાઈ જઈ ગુનો કરેલ છે, જેથી ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા, તપાસના અંતે સંબંધિત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારે આ કામના આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ તેમજ ગુજરાત નશાબંધિ અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામે આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સની બજવણી થઈ હાજર થતા, તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામના આરોપી વિરૂધ્ધ આંક– ૦૩ થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી ન્યાયીક કાર્યવાહી દરમ્યાન નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ :–**

| અ.ન. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | મહેન્દ્રભાઈ મંગળભાઈ | ફરીયાદી/પોલીસ સાહેદ | ૦૪ |
| ૨ | અખતરભાઈ હનીફભાઈ અરબ | પંચ | ૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ડો.પંકજકુમાર વજાભાઈ દામા | મેડીકલ ઓફીસર | ૧૫ |
| ૪ | વિક્રમસિંહ જરમનસિંહ રાઠોડ | ત.ક.અ. | ૨૨ |

**દસ્તાવેજી પુરાવાઓ :–**

| **અ.ન.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૫ |
| ૨ | પંચનામુ | ૦૭ |
| ૩ | પોલીસ યાદી | ૧૬ |
| ૪ | ફોર્મ–એ | ૧૭ |
| ૫ | ફોર્મ–બી | ૧૮ |
| ૬ | કેસ પેપર્સ | ૧૯ |

**(૪)** આ કામે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો. આ કામે બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ– ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬)** આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો વિગતવાર સાંભળી જે પુરાવાના મુલ્યાંકનમાં સમાવેશ કરેલ હોવાથી પુનરાવર્તન કરેલ નથી.

**(૭)** આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો તથા રજુ થયેલા પુરાવા ધ્યાને લીધા બાદ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ : ૩૦/૧૨/૨૦૨૪ ના

રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે મોજે. મોટા સોનેલા બસ સ્ટેશન જાહેર રોડ ઉપર પોતાના કબજાની હોન્ડા કંપનીની સાઈન મો.સા. જેનો રજી.નં. જીજે–૩૫–એમ–૬૦૬૧ તેમજ ચેસીસ નં. ME4JC859APD276862 ની મો.સા. મોજે. સોનેલા બસ સ્ટેશન જાહેર રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પદાર્થ પીધેલ હાલતમાં ચલાવી લાવી પકડાઈ જઈ, ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ તેમજ ગુજરાત નશાબંધિ અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–// <u>કારણો</u> //–**

<u>મુદ્દા નં.૧</u> :

(૯) આ કામે ફરિયાદપક્ષે આંક–૦૬ થી પંચ સાહેદ : અખતરભાઈ હનીફભાઈ અરબ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ આ કામના આરોપીના શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ છે. તેઓની જુબાની વંચાણે લેતા પોલીસે એક તૈયાર પંચનામામાં પંચ તરીકે તેઓની

સહી લીધેલ છે. તેમજ પંચનામા વિશે કશુ જાણતા નથી. તેઓ પંચનામા માં પોતાની ફકત સહી જ ઓળખી બતાવે છે તેમજ આંક–૦૭ વાળા પં ચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરીને કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોવાથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૪ થી ફરિયાદી : મહેન્દ્રભાઈ મંગળ ભાઈ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. આરોપી સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ તેમણે આપેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ તેઓ આરોપીને ઓળખતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે અને તેમણે ફરિયાદ આંક– ૦૫ થી રજુ રાખેલ છે. ત્યારબાદ બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા લોકોની તેમજ વાહનોની અવર જવર તેમજ ઘણી બધી દુકાનોવાળી જગ્યા છે. પંચનામુ તેઓની રૂબરૂ કરેલ નથી. તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી. વાહનની માલીકીનો કોઈ દસ્તાવેજ તેઓએ જોયેલ નહી કે કબજે કરેલ નહી. પંચોને તેઓ બોલાવા ગયેલા નહી. વાહન ચેકીંગ પેટ્રોલીંગમાં જતા પહેલા પ્રાથમીક પંચનામુ કરવુ જરૂરી છે. આ કામે કોઈ પ્રાથમીક પંચનામુ

કરેલ નથી. તેઓએ તપાસ દરમીઠાન કોઈ બ્રેથ એનેલાઈઝર ડીવાઈસથી કોઈ ટેસ્ટ કરેલ નથી. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૫ થી મેડીકલ ઓફીસરશ્રી : ડો.પંકજકુમાર વજાભાઈ દામા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા મુખ્યત્વે આ કામના આરોપીને તારીખ : ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ રજુ કરતા ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ,૧૯૫૯ ના નીયમ મુજબ આરોપીનું બ્લડ કલેકટ કરી આરોપીના લોહીના નમુના વાળી ફીયાલ તપાસણી માટે એફ.એસ.એલ. ગાંધીનગરનાઓને તારીખ : ૧૩/૦૫/૨૦૨૬ ના રોજ મોકલી આપેલાનો તેમજ ફોર્મ સી મુજબનો એફ.એસ.એલ.રિપોર્ટ, ગાંધીનગરનાઓ તરફથી તેઓને આજદિન સુધી મળેલ ન હોવાથી રજુ રાખેલ ન હોવાનો પુરાવો આપેલ છે. બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફીયેલમાં એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝર્વવેટીવ ચોકકસ માત્રામાં નાખવામાં ન આવે તો લોહી બગડી જવાની શકયતા રહેલી છે. લીધેલ સેમ્પલ એક અઠવાડીયામાં એફ.એસ.એલ.માં મોકલી આપવાનું હોય છે. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૨ થી તપાસ કરનાર અમલદાર શ્રી : વિક્રમસિંહ જરમનસિંહ રાઠોડ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેમને તપાસ સોંપતા તપાસ કરી આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોઈ તેમણે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવે છે. ત્યારબાદ બચાવ પક્ષના

વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. વાહન કોની માલીકીનું હતુ તેના પુરાવા તપાસના કામે પ્રાપ્ત કરી કામમાં સામેલ રાખેલ નથી. બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ નહી. તેઓએ કોઈ પંચનામા કરેલા નથી. અન્ય સજેશન્સનો ઈન્કાર કરેલ છે.

**પુરાવાનું મુલ્યાંકન :–**

**(૧૩)** આ કામના આરોપી સામે ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ મુજબનો આક્ષેપ છે. ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ વંચાણે લેવામાં આવે તો જે કોઈ વ્યકિત વાહન ચલાવતી વખતે કે ચલાવવાની કોશીશ કરે ત્યારે (ક) તેના બ્લડમાં બ્રીથ એનાલાયઝર ટેસ્ટ દ્રારા કે લેબોરેટરી સહિતના કોઈ પરીક્ષણ દ્રાર તે વ્યકિતના ૧૦૦ એમ.એલ.લોહીમાં ૩૦ એમ.જી. કરતા વધારે આલ્કોહોલનું પ્રમાણ મળી આવે અથવા (ખ)વાહન ઉપર યોગ્ય કાબુ રાખવાને અશકત હોય તેટલી હદ સુધી માદક પદાર્થ(Drugs) ની અસર તળે હોય તો ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ મુજબનો ગુનો બને.

આ કામના આરોપી ધ્વારા ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો કેફી પદાર્થ પીધેલ હાલતમાં પોતાના કબજાની હોન્ડા કંપનીની સાઈન મો.સા. જેનો રજી.નં. જીજે–૩૫–એમ–૬૦૬૧ તેમજ ચેસીસ નં. ME4JC859APD276862 ની નું જાહેર રોડ ઉપર ચલાવતા હોવાના આક્ષેપ અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા એ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. અન્વેષણ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદન લીધેલા નથી. ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતા પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદ પક્ષના પુરાવા ઉપરથી ફલીત થતુ નથી તેમજ સદર પોલીસ સાહેદોની હકીકતને સ્વતંત્ર સાહેદોના પુરાવા રજુ કરાવી ફરિયાદ પક્ષના કેસને સમર્થન અપાવેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ પંચ સાહેદ રૂબરૂ આ કામના આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરેલાનો કેસ છે. પરંતુ પંચ સાહેદની હાજરીમાં આરોપીની શરીરસ્થિતિનું પંચનામું થયેલાની હકીકતને પંચ સાહેદ ઈન્કાર કરે છે. જેથી આ કામના આરોપી પોતાના કબજાનું વાહન ચલાવતા હોવાની હકીકત માની શકાય નહી. જેથી ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ મુજબનો ગુનો આ કામના આરોપીએ કરેલ હોવાનું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૪)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને ફરિયાદ પક્ષ જયાં સુધી આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત ન કરે ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું રહે છે. પરંતુ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ની કલમ–૬૬(૨) મુજબ જો કોઈ વ્યકિતએ દારૂ પિધો છે તેવો આક્ષેપ હોય અને તેના લોહીમાં ૦.૦૫% કદ કે તેના કરતા વધુ આલ્કોહોલનું પ્રમાણ મળી આવે તો આરોપીએ દારૂ પીધેલ છે એમ અદાલતે અનુમાન કરવાનું જ છે સિવાય કે પીધેલ દારૂ એ સામાન્ય ડોઝથી વધુ નથી તેવી દવાની બનાવટ હતી અથવા પીધેલો દારૂ પ્રસાધની બનાવટ હતી તેમજ આલ્કોહોલવાળી જંતુનાશક બનાવટ અથવા દ્રાવણ હતુ અથવા સુગં

ઘીદાર અર્કનું એસેન્સ અથવા રસ હતુ કે જેના પીવાથી ગુજરાત નશાબંધી અધિનિયમ કે તે હેઠળના નિયમો, વિનીયમો કે હુકમનું ઉલ્લંઘન થતુ નથી તેમ આરોપી સાબિત કરે. પરંતુ સામાન્ય કરતા આલ્કોહોલનું વધુ પ્રમાણ વખતે પૃથ્થકરણ અહેવાલ ઉપર આધાર રાખતા પહેલા ફરિયાદ પક્ષની ફરજ છે કે તેમણે હકારાત્મક રીતે એવું સાબીત કરવું પડે કે, લોહી લેવાની પ્રક્રિયામાં ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ હતુ.

**(૧૫)** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના વગર પાસ પરમીટે આરોપી દ્વારા કેફી પદાર્થનું સેવન કરવામાં આવેલુ તે આક્ષેપ અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, ફરિયાદ પક્ષે આંક–૧૭ થી રજુ રાખેલ ફોર્મ–એ વાળા દસ્તાવેજને ધ્યાને લેતા ડોકટરશ્રી દ્વારા તારીખ : ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીનું બ્લડનું સેમ્પલ કલેકટ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આ કામના આરોપીના લોહીના નમુનાનો ફોર્મ સી મુજબનો એફ.એસ.એલ.રિપોર્ટ, ગાંધીનગરનાઓ રજુ રાખેલ નથી. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***State of Gujarat vs. Bapuji Savaji*** **[**1990*(2)G.L.H. Page 451***]** *ના કેસમાં આપવામાં આવેલ ચુકાદામાં જણાવેલ છે કે,*

*"7.Now in this case, the alleged offence took place on **27th October, 1978** at 21.15 hours and thereafter the PSI Mr.Pathan had taken the accused to the Medical Officer Bhogilal Chunilal Pandya, PW-2, who examined him on the very day at 23.00 hours and took his sample of the blood in*

*the manner as provided by Rule 4(1) of the said Rules, for the purpose of sending it to the Chemical Analyser. It is to be noted that though the sample of the blood came to be collected on 27th October, 1978, the same was sent to the Chemical Analyser on 28th October, 1978, which was received by the Chemincal Analyser on **10th November, 1978** by Regd.Post. **This clearly shows that the sample of the blood has not reached the Chemical Analyser within 7 days of its collection as provided in Rule 4(2) of the Rules.** From the evidence of the said Medical Officer, it is not clear whether the said sample was accompanied by a forwarding letter in Form-B being facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood of the accused. **Under the circumstances, provisions of Rule 4(1) & (2) of the said Rules, which are mandatory, are violated. These tow patent infirmities are fatal to the prosecution.** When faced with this situation, Mr.Trivedi, leaned APP was unable to press the acquittal appeal any further."*

આમ, ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ના નિયમ–૪(૨) ની મેન્ડેટરી જોગવાઈ જોતા, ફીયાલમાં લીધેલ લોહીના નમુને ચકાસવા માટે ચકાસણી અધિકારીને પોસ્ટ મારફતે અથવા ખાસ સંદેશા વાહક મારફતે એવું લોહી લીધાની તારીખથી દિન–૭ ની અંદર મળી જાય તે રીતે મોકલવું જોઈએ, પરંતુ ફોર્મ–સી મુજબનો એફ.એસ.એલ.રિપોર્ટ, રજુ રાખેલ ન હોવાથી હાલનાં કેસમાં લેવામાં આવેલ આરોપીના બ્લડ સ ેમ્પલ વાળી ફીયાલ તપાસણી માટે એફ.એસ.એલ. ગાં ધીનગરનાઓને દિન–૭ ની અંદર મળેલ છે કે નહી તે નકકી કરી શકાય નહી તેમજ બ્લડ સેમ્પલ વાળી ફીયાલ તપાસણી માટે એફ.એસ.એલ.

ગાંધીનગરનાઓને દિન–૭ ની અંદર મળેલ હોય તેવો બીજો કોઈ પુરાવો નથી. વધુમાં આરોપીના લોહીમાં ૦.૦૫% કદ કે તેના કરતા વધુ આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલાનું સાબિત થતું નથી. જેથી આ કામના આરોપીએ દારૂ પીધેલ છે એમ અદાલતે અનુમાન કરવાનું રહેતું નથી. જેથી ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ નાં નિયમ–૪(૨) ની મેન્ડેટરી જોગવાઈઓનો સ્પષ્ટપણે ભંગ થયેલ છે, જેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે અને ફરિયાદ પક્ષ આદેશાત્મક જોગવાઈનો ભંગ થતા પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરી શકેલ નથી તેમ કહી શકાય.

**(૧૬)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ફરીયાદ પક્ષ ધી મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ–૧૮૫ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)બી મુજબનો આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ ના હોય આરોપીને શંકાનો લાભ આપી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ઠરાવવામાં આવે છે.

**–// <u>હુકમ</u> //–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૭૮(૧) અન્વયે ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૮૫ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ– ૪૮૧અન્વયે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા

દસ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જાત મુચરકા તથા તેટલી રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા.
કોડ નં. જીજે ૦૧૬૬૪